# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-10-2024** | **EVENING : 7.10 to 7.20**

**Day: MONDAY** | **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1) ગુજરાત સહિતનાં રાજકોષીય શિસ્ત જાળવતા રાજ્યોને નાણા પંચ દ્વારા પુરસ્કાર આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણા પંચ સમક્ષ રજૂઆત કરી.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતી કાલે આણંદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.
3) રાજય સરકારના વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી ભેટઃ 7000 રૂપિયાની મર્યાદામાં બોનસ ચુકવાશે
4) સુરત અને ભરૂચ પોલીસના અભિયાનમાં અંદાજે 250 કરોડ રૂપિયાનાં માદક પદાર્થો ઝડપાયા
5) સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં આજે અને આવતી કાલે હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Finance Commission

ગુજરાત સહિતનાં જે રાજ્યો રાજકોષીય શિસ્ત જાળવી રાખે છે તેમને નાણા પંચ દ્વારા પુરસ્કાર આપવો જોઇએ એમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં નાણા પંચ સાથેની બેઠકમાં જણાવ્યું હતું. રાજ્ય સરકારે વિભાજ્ય પુલમાંથી રાજ્યોને વહેંચવામાં આવતો હિસ્સો હાલનાં 41 ટકાથી વધારીને 50 ટકા કરવાની માંગણી કરી હતી.

આજે ગાંધીનગરમાં યોજાયેલી 16મા નાણા પંચ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, નાણા પંચે ભંડોળ ફાળવણીમાં ગુજરાતમાં તેજીથી વધતા શહેરીકરણ અને ગ્રામીણ વિસ્તારોના આદિજાતિ સમુદાયોની અલગ જરૂરિયાતો અને વાસ્તવિકતાઓને કેન્દ્રમાં રાખવી જરૂરી છે.

૧૬મું નાણા પંચ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫નાં રોજ રજૂ કરશે. આ કામગીરીનાં ભાગ રૂપે પંચનાં અધ્યક્ષ ડોક્ટર અરવિંદ પનગઢિયા તથા સભ્યોએ બેઠક યોજી હતી. આ બેઠકમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૬માં નાણા પંચનાં અધ્યક્ષ ડૉક્ટર અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો રીયલ જીડીપી વૃધ્ધિ દર સરેરાશ ૬ ટકા જેટલો રહ્યો છે તેની સામે ગુજરાતનો સરેરાશ વૃધ્ધિ દર ૮.૫ ટકાનો છે.

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, નાણા પંચે પુનઃપ્રાપ્ય ઊર્જા, જળવાયુ પરિવર્તન, સાતત્યતા જેવા ક્ષેત્રોમાં કામગીરીને આધારે રાજ્યોને ભંડોળ ફાળવવું જોઇએ.

---

- -યાદી અનિલ -(NAVIN)

# Amit Shah In Gujarat

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતી કાલે આણંદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી શાહ સવારે આણંદ ખાતે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-NDDBની સ્થાપનાનાં 60 વર્ષની ઉજવણી અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતી નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને નવા ખેડૂતલક્ષી કલ્યાણકારી પ્રોજેક્ટનો શુભારંભ પણ કરાવશે. તેઓ NDDBના આણંદ સ્થિત નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન તથા તેની પેટાકંપનીના વડોદરા અને દિલ્હી સ્થિત પ્લાન્ટનું લોકાર્પણ કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મત્સ્યપાલન અને પશુપાલન મંત્રી રાજીવ રંજન સિંહ, રાજ્યકક્ષાના મંત્રીઓ એસ.પી.સિંહ બઘેલ અને જ્યોર્જ કુરિયન પણ ઉપસ્થિત રહેશે.

બપોરે શ્રી શાહ ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે સચિવાલય વિભાગોનાં વિવિધ અધિકારીઓ માટે આયોજિત લેજિસલેટિવ ડ્રાફ્ટિંગ ટ્રેઇનિંગ પ્રોગ્રામમાં હાજરી આપશે. તેઓ ભારતીય જનતા પાર્ટીનાં ગાંધીનગરનાં નવીન કાર્યાલયનું ખાતમૂહુર્ત કરશે અને મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા સંમેલનમાં હાજરી આપશે. ત્યારબાદ શ્રી શાહ કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજનાઓ અંતર્ગત શિષ્યવૃત્તિનું વિતરણ કરશે.

---

- -યાદી અનિલ

-(NAVIN)

# Home Guards National Conference

દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના વડાઓની 14મી રાષ્ટ્રીય પરિષદ આવતીકાલથી ગાંધીનગરમાં યોજાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ બે દિવસની પરિષદને ખુલ્લી મુકશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના 60થી વધુ વરિષ્ઠ અધિકારીઓ તેમજ 1200 થી વધુ માનદ સભ્યો આ પરિષદમાં ભાગ લેશે.

ગાંધીનગરમાં પત્રકારોને માહિતી આપતાં નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના મહાનિદેશક વિવેક શ્રીવાસ્તવે જણાવ્યું કે, આ પરિષદમાં મુખ્યત્વે મોડેલ હોમગાર્ડ બિલ તેમજ નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ દળોની નીતિ ઉપર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત ટેકનોલોજી અને આધુનિકતાના મદદથી બંને દળોની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવા પર આ પરિષદમાં ચર્ચા થશે.

(Byte Vivek Shrivastav)

ઉલ્લેખનીય છે કે 19 વર્ષ બાદ દેશમાં આ પરિષદનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યારે ગુજરાતમાં પ્રથમ વાર તેનું આયોજન થઈ રહ્યું છે. હાલ દેશભરમાં આશરે સાડા ચાર લાખ હોમગાર્ડ જવાનો અને છ લાખ નાગરિક સંરક્ષણ દળના માનદ સભ્યો સેવાઓ આપી રહ્યા છે. ગુજરાતના આશરે ૪૦ હજારથી વધુ હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દળના ૧૧ હજારથી વધુ જવાનો આ કોન્ફરન્સને વંદે ગુજરાત ચેનલ દ્વારા લાઈવ નિહાળશે.

---

- અપર્ણા ખુંટ . અનિલ -(NAVIN)

# Polic Smruti Divas

આજે પોલિસ સ્મૃતિ દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે દેશનાં પોલિસકર્મીઓની બહાદુરી અને બલિદાનની પ્રશંસા કરી છે. એક  સોશિયલ મિડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા પોલિસકર્મીઓનાં અતૂટ સમર્પણને બિરદાવતા જણાવ્યું કે, તેઓ સાહસ અને દ્રઢ સંકલ્પનું ઉદાહરણ છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શહિદોને શ્રદ્ધાંજલી આપતા આ મુજબ જણાવ્યુઃ

## Byte Harsh Sanghvi

---------------------------------------------------------------------

- યાદી – અનિલ પટેલ -(NAVIN)

# PM UDAAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ UDAAN ઉડાન યોજનાની 8 વર્ષની સમાપ્તિ પ્રસંગે જણાવ્યું કે, આ યોજનાથી દેશનાં ઉડ્ડયન ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે.

શ્રી મોદીએ એક્સ પર કરેલી પોસ્ટમાં જણાવ્યું કે, છેલ્લા 8 વર્ષમાં ઉડાન યોજનાથી દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું છે. એરપોર્ટની સંખ્યા વધારવાથી લઇને વધુ હવાઈ માર્ગો સુધી આ યોજનાએ કરોડો લોકોની ઉડ્ડયનની સુવિધાને સુનિશ્ચિત કરી છે. આ ઉપરાંત વેપાર વાણિજ્યને પ્રોત્સાહન આપવા અને ઉડ્ડયન ક્ષેત્રને વધુ મજબુત કરવા પર પણ મોટી અસર પડી છે. આવનાર સમયમાં અમે વધુ સારી સુવિધા અને આરામ પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

ઉલ્લેખનીય છે કે, ઉડાન યોજના વર્ષ 2016માં શરૂ કરવામાં આવી હતી જેનો હેતુ ભારતીયો માટે હવાઈ મુસાફરી વ્યાજબી અને સુલભ બનાવવાનો છે.

----------------------------------------------------------------

- પીઆઈબી., હિન્દુસ્તાન સમાચાર, મિતલ - -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Class 4 employee Bonus

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને ૭ હજાર રૂપિયાની મર્યાદામાં એડહોક બોનસ આપવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયથી વર્ગ-૪ના અંદાજે ૧૭ હજાર ૭૦૦થી વધુ કર્મચારીઓને લાભ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નાણાં વિભાગને આ અંગેના જરૂરી આદેશો કરવાના દિશાનિર્દેશ આપ્યા છે.

-----------------------------------------------------------------------

- યાદી અનિલ

-(NAVIN)

# Raghavji patel

કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે 123 પશુ ચિકિત્સકોને નિમણૂક પત્ર એનાયત કર્યા હતા

ગાંધીનગર સચિવાલય ખાતે આજે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના પશુપાલન વિભાગમાં 123 નવા પશુ તબીબ ઉમેરાતા હવે પશુ ચિકિત્સા સરળ બનશે. તેમણે ખેડૂતોના પાકના રાહત પેકેજ મુદ્દે આ મુજબ જણાવ્યું હતું.

## બાઇટ Raghavji patel

---

- ગાંધીનગર ,દુર્ગેશ મહેતા ,મિતલ

-(NAVIN)

# Bharuch drug and Surat Gold Seized

સુરત અને ભરૂચ પોલીસે ગઈકાલે રાત્રે હાથ ધરેલા સંયુક્ત અભિયાનમાં અંદાજે 250 કરોડ રૂપિયાનાં માદક પદાર્થો જપ્ત કરવામાં આવ્યું છે. સુરત પોલીસે વેલજા વિસ્તારમાંથી બે કિલો એમ.ડી. ડ્રગ્સ કબજે કર્યું હતું. આરોપીઓ અંકલેશ્વરથી સુરત આ જથ્થો લઈ જઈ રહ્યા હતા. પોલીસે કંપનીનાં સંચાલક અને અન્ય બે આરોપીઓની ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ની એક કંપનીમાંથી પાંચ હજાર કરોડ રૂપિયાનાં માદક દ્રવ્યો ઝડપાયા હતા.

દરમિયાન, અન્ય એક ઘટનામાં  સુરત રેલવે સ્ટેશન પરથી 80 કરોડ રૂપિયાનાં સોના સાથે 2 લોકોની અટકાયત થઈ છે. સોના સાથે અમદાવાદથી ટ્રેનમાં મુંબઈ જતા બંને આરોપીઓને ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજેન્સ – D.R.I.એ ઝડપ્યા છે. તપાસ દરમિયાન તેમની પાસેથી 10 કિલો સોનું પકડાયું હતું. આ સોનું દુબઈથી આવ્યું હોવાનું મનાય છે.

---

- પીટીસી ભરૂચ અને હિન્દુસ્તાન સમાચાર. (રિપિટ- પ્રવેશ)

-(NAVIN)

# Rain

અરબી સમુદ્રમાં હળવું દબાણ સક્રિય બનતાં ગુજરાતમાં બે સિસ્ટમ એક સાથે સક્રિય હોવાથી રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદ પડ્યો હતો. આજે બપોરે ચાર વાગ્યા સુધીમાં રાજ્યનાં 29 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ અઢી ઇંચ વરસાદ સુરતના કામરેજ તાલુકામાં પડ્યો છે. દ્વારકા તાલુકામાં આશરે દોઢ ઇંચ અને ભાવનગરના ઘોઘા અને સુરતના ઓલપાડ તાલુકામાં એક એક ઇંચ વરસાદ પડ્યો છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની યાદી પ્રમાણે આજે સવારે આઠ કલાકે પૂરા થયેલાં 24 કલાકમાં 25 જિલ્લાના 69 તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 143 ટકા વરસાદ નોંધાયો છે. છેલ્લા ત્રણ વર્ષનો આ સૌથી વધુ વરસાદ છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે અને આજે તથા આવતી કાલે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

---------------------------------------------------------------------

- યાદી, અનિલ પટેલ - -(NAVIN)